
# પ્યાસ



— મહેક ટંકારવી

# પ્યાસ




## ગઝલ સંગ્રહ




'મહેક' ટંકારવી

**‘Pyas’**
a collection of Gujarati ghazals by
Yacoob Mank (‘Mahek’ Tankarvi), 1972

કવિના ગઝલ સંગ્રહો:

| | | | |
|---|---|---|---|
|   |  |   |   |
| પ્યાસ<br>૧૯૭૨ | તલાશ<br>૧૯૮૦ | પ્યાસથી પરબ સુધી...<br>૨૦૦૬ | પ્રેમરસ પ્યાલો<br>૨૦૧૩ |


**Title:** ‘Pyas’
**1st Edition:** Printed 1972
**2nd Edition:** eBook 2020


**Copyright:** © 1972 Mahek Tankarvi - All Rights Reserved



**Contact:** Mahek Tankarvi
**Address:** 37 The Beeches
Bolton, UK
BL1 7BS

**Phone:** +44 1204 591709
**E-mail:** ghazals@mahek.co.uk
**Website:** www.mahek.co.uk



**Typesetting and layout design:** Mahek Translation Service
Bolton, UK

**Original Distributor:** આદર્શ પ્રકાશન
રાયખડ રોડ, અમદાવાદ - ૧

# અ ર્પ ણ

જેની સાથે બારડોલીમાં, મીંઢોળાના તટની આસપાસ પથરાયેલી પ્રકૃતિ અને હરિયાળી સીમનું રસપાન કરવાનો મને લહાવો મળ્યો હતો એવા, સાહિત્ય, કવિતા, સૌંદર્ય અને પ્રેમની વાતો કરતાં કદી ન થાકે અને એ વાતો જ જેના જીવનનો મુખ્ય આનંદ બની ગઈ છે એવા, તાપી નદીને કિનારે વસેલા ઉમરા ગામના મારા યુવાન, ઊર્મિશીલ કવિમિત્ર ભાઈ **નરેશ ઉમરીગર** તથા સેવા ત્યાગની ઉજ્જવળ ભાવનાથી જેમનું જીવન મહેકે છે એવાં સ્નેહાળ ભાભી **મંજુલા**ને સપ્રેમ...



## નરેશ ઉમરીગર તેમના તા.૨૦-૬-૭૨ના અંગત પત્રમાં મને લખે છે:

તા. ૧લી જૂન ૧૯૭૨ના દિવસે લગભગ સાંજે ૫.૩૦ વાગે "પ્યાસ" પહેલવહેલું મારા હાથમાં આવ્યું. ભાઇ અઝીઝ દરજીએ તે મારા હાથમાં મૂકયું અને તે અહીં બારડોલીમાં નહીં, સૂરતની મિશન હોસ્પિટલના 'લેડિઝ' વૉર્ડમાં. મંજુનું ગળે ઓપરેશન હતું એટલે તે ત્યાં હતી. તમારી અર્પણ નામાવલિમાં એનું નામ જોતાં મંજુ બહુ ખુશ થઇ અને થોડા વખત તો ગળાના ઓપરેશનનું દુ:ખ ભૂલી ગઇ. એ તમને ઘણીવાર યાદ કરે છે. ગઝલોથી અજાણ મારા જેવાને (ને સાથે મંજુને) એ પુસ્તક અર્પણ કરી તમે તમારી ગઝલો જોડે મારા નામને પણ ઊંચાઇ આપી છે એ ઋણ મારાથી ઊંચકાશે નહીં. હું મિત્રભાવે તમારું સ્મરણ કરી આભાર વ્યક્ત કરું તેથી એ ઋણ ચૂકવાશે નહીં.

અહીં આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજના જૂના સાથીઓએ તમારું પુસ્તક જોયું. ...એક નકલ પ્રિન્સીપાલ પંડયા (આપણા એક વખતના સ્ટાફ સભ્ય)ને કોલેજ લાયબ્રેરી માટે ભેટ આપી. આ જ જગ્યાએ તમે એકવાર ટિચીંગ કાર્ય કર્યું હતું. તમારી સ્મૃતિ તો અહીં છે જ, પણ પુસ્તક રૂપે એ વધુ જીવંત બની.

આખા પુસ્તકની સુંદર રચનાઓમાં "રવિવાર"ને મૂકી શકાય. રવિવારના આબાદ ચિત્રો એમાં તમે ઉપસાવી શકયા છો. એ સિવાય બધાં જ હાઇકુ પણ સુંદર થયાં છે જેમાં ઇંગ્લૅન્ડના બર્ફિલા વાતાવરણની છાપ દેખાય છે. તમે ગઝલ દ્વારા ગુજરાતી ભાષાને જીવંત રાખી છે, એટલું જ નહીં તેનું પરિશીલન કર્યું છે અને માતૃભાષાને ઇંગ્લૅન્ડની મુક્ત હવામાં એક નવો શ્વાસ આપ્યો છે.

હું આખું પુસ્તક જોઇ ગયો છું. બીજા પત્રમાં વધુ લખીશ. તારી કુશળતા ઇચ્છું છું. મંજુની યાદ પાઠવું છું.

*નરેશ ઉમરીગરની સપ્રેમ યાદ*

# ટીપું અને તરસ

કોઈ કોઈ વાર એવી અદમ્ય ઈચ્છા થઈ આવે છે કે, મને ભાષા ન મળી હોત, તૈયાર કપડાં, બાંધેલું ઘર, ચીલા અને માર્ગો, અરે ચાર હજાર વર્ષની સભ્યતાનો વારસો ન મળ્યો હોત તો કેવું સારું થાત! હા, એ ન હોત તો વ્યવહારની ભાષામાં હું દુઃખી દુઃખી થઈ ગયો હોત, મારો ભાવ વ્યકત કરવા માટે મેં અકથ્ય અને અસહ્ય મથામણ અનુભવી હોત અને આજે કારણ વિના, પ્રતીતિ વિના યે હું ભાવાભાસી કે કાવ્યાભાસી શબ્દો ધોધબંધ બોલ્યે જાઉં છું એવી સગવડ ન હોત. મારો ભાવ વ્યકત કરવા તેને બીજા સુધી પહોંચાડવા માટે સૌ પ્રથમ મારા સમગ્ર ચેતનમાં મેં અનુભવ્યો હોત, તેની અભિવ્યકિતનું પ્રયોજન મેં શોધી કાઢયું હોત ત્યારે એ અભિવ્યકિત અને ભાવ મારા પોતીકાં હોત.

આજે તો ચાર હજાર વર્ષનો વારસો મારે માટે બંધન બની ગયો છે. એને સમજવા પણ જીવન ટૂંકું પડે છે. હું એમાં ગોઠવાઈ ગયો છું અને એના વિરાટ ચરખાને ચાલુ રાખવા મારું અસ્તિત્વ મેં ખોઈ દીધું છે એવી શંકા થયા વિના રહેતી નથી. જે કંઈ તૈયાર હતું તે સ્વીકારી લીધું. એમાં ભાવ અને લાગણી-ઊર્મિનાં વર્ગીકરણો અને તે માટેની રેડીમેઈડ શબ્દાવલિ સુદ્ધાં! એ સૌનો ઉપયોગ કરીને હું મને શી રીતે વ્યકત કરી શકું એ મથામણ જિંદગી સુધી રહેવાની. એકેએક શબ્દ લાખ લાખ મોઢેથી એંઠો થઈને મારી પાસે આવ્યો છે અને મેં પોતે પણ અનેક-વાર એને એંઠો કર્યો છે — એકેક શબ્દ સાથે ભાષા જન્મી ત્યારથી અનેક માનવી-ઓએ પોતાના સંદર્ભો જોડેલા છે, એની સાથે મારો સંદર્ભ મારે શી રીતે જોડવો? આ કંઈ અમાનવીય કે અ-સામાજિક વિદ્રોહી ભાવના નથી, હું દરરોજ આટઆટલા શબ્દો બોલું છું અને છતાં કંઈ જ કહી શકતો નથી એ અસહ્ય અને અસહાય શાપમાંથી હું મુકત થવા માગું છું — મારો જ શબ્દ કહેવાની સ્વતંત્રતા ભોગવવા ઈચ્છું છું. આજે મારા શબ્દ પર પેલા પિરામિડ અને તાજમહાલ પર તેના કૃતાઓના કૃતિત્વની મૂદ્રા છે એવી મૂદ્રા કયાં છે? આ સારું અને આ અભદ્ર, આ ભાવ અને આ અભાવ — એ મારી શોધ કયાં છે? એ તો રેડીમેઈડ માન્ય-

તાઓ છે. શું એના સેલ્સમેન કે વિક્રેતા તરીકે જ મારે જીવીને મરવાનું છે? આ નરી એકરૂપતા, સર્વસામાન્યપણું, લ-ગ-ભ-ગ, સરેરાશને વ્યકત કરતાં માધ્યમો દ્વારા શું હું વ્યકત થાઉં છું? વ્યકત થઈ શકું છું? વાપરવાનો સિક્કો અને ઈશ્વર સુદ્ધાં તૈયાર રાખનાર મેનેજિંગ સભ્યતાએ આગવા પુરુષાર્થ કે અસ્તિત્વની શકયતા જ રહેવા દીધી નથી. કેમ કે, આ સગવડ, તેની લાલચોને નકારવાનું સાહસ કોણ કરશે? દૂધની ચમચી આપીને સાધનો દ્વારા જ ઉછેરીને બાળકમાંથી માણસ સુધી પહોંચાડનાર શાણાઓએ બાળકનું સ્વપ્રયત્નનું સાહસ જ મારી નાખ્યું હોય છે. કહેવાતી જીવદયા જેવી હિંસા બીજી કઈ — જે માણસના વ્યકિતત્વની, એના પ્રાગટયની મથામણોની જ હત્યા કરી નાખે છે? સગવડો એ બહુ મોટી લાચારી અને પરાધીનતા છે.

સાહિત્યના અતિ સામાન્ય વાચક તરીકે પણ મેં આ જ લાગણી તીવ્રપણે અનુભવી છે. સાર્વજનિક ભાષા અને તૈયાર ફોર્મ સ્વીકાર્યા પછી, અભિવ્યકિતના માળખા અને પરંપરિત ઓજારો અજમાવી પોતાની મુદ્રા ઉપસાવવાનું સહેલું હોય નહીં. છતાં જેમણે એવી મૂદ્રા ઉપસાવી તેમની સર્જકતા અસાધારણ જ કહેવાશે.

ગઝલ વિશેનું મોટામાં મોટું ભયસ્થાન તેની લોભાવનારી સહજ સરળતા, સ્વાભાવિક બની ગયેલી ભાવ-પરંપરા, વિરહ-મિલનની લાગણી અને રૂઢ પ્રતીકો છે. એનું આકાર સૌષ્ઠવ અને લયશોર ઝટ મોહે છે અને ઓહ, કેવા તરત આત્મીય — સ્વકીય બની ગયા — એવી પ્રતીતિભ્રાંતિ છે. એ મૂળ ઊતરી આવી તેમાં તો મહા કવિની કોટિના સમર્થ શાયરો થઈ ગયા છે અને એમની કાવ્યસંપત્તિ આજેય અક્ષુણ્ણ છે. એના ભાવદેહ એવા પ્રબળ અને તીવ્ર છે કે, એમનાથી વિશેષ, હજી જાણે ગઈ કાલે લખાવા માંડેલી ગુજરાતી ગઝલમાં, શાયરે શું કહેવું? આવી મૂંઝવણ થવાની. જેમને એવી મૂંઝવણ થશે તેઓ સૂર્ય સામે પોતાનો દીવો ધરશે તોયે તે પોતાનો પ્રકાશ હોવાથી અવિવેક નહીં હોય.

*

કલાપી-યુગ પછી જન્મેલી નવ ગઝલના દૌરમાં ભાઈ 'મહેક' ટંકારવીની રચનાઓ આવે છે અને નવીનતર ગઝલની સરહદે પહોંચવાના અને પ્રવેશવાના એમના પ્રયત્નો છે. 'હવા' કે 'અજવાળું' જેવી ગઝલમાં એવાં

લક્ષણો જોઈ શકાય છે. અને એમનાં 'હાઈકુ' વાંચ્યા પછી ભાઈ 'મહેક' ભલે વિદેશ ગયા એમ હૈયાના ઉમળકાથી કહું છું. એમાં જે સૌન્દર્યદર્શન અને દૃષ્ટિ પ્રગટ થયા છે તે ગુજરાતી સાહિત્યમાં એ જાપાની કાવ્ય પ્રકારને સાવ કોઈ નવી જ શોધ હોય એવા ઉપાડા અને શોરબકોર સાથે આણવામાં આવ્યો એ ચળવળનું પરિણામ ખસૂસ જ નથી. કવિ એક નવી જ ધરતી પર પહોંચ્યા અને પોતાને માટે વતનભોમાં અદીઠ રહેલી પ્રકૃતિલીલા નિરખી, અભિભૂત થયા, એનાં કલ્પનોતે આ હાઈકુ છે. સંદર્ભ બદલાય છે ત્યારે કવિ પણ કેવા જુદા સ્વરૂપે મહોરી ઊઠે છે તે, ગઝલ અને હાઈકુની સરખામણી કરનાર જોઈ શકશે.

'રવિવાર' ગઝલ પરથી તો વીસમી સદીના પાશ્ચાત્ય સભ્યતાથી રંગાયેલા મહાનગરમાં રહેનાર જે ઉત્સાહથી રવિવારને જુએ છે એ ભાવ સારો પ્રગટ થયો છે. ભાઈ મહેકની એવી એક જ વિષયની કે એક જ વિષયને પ્રકારાંતરે વ્યકત કરતી સાતત્યલક્ષી ગઝલોમાં એમની મૂદ્રા વિશેષ વર્તાય છે.

ઊતરે છે જાણે આભથી પરીઓના ઝૂંડ ઝૂંડ,
ખુશબૂમાં તર-બ-તર થઈ નાચે છે રવિવાર.

આ દૃશ્ય સુધી જ પહોંચે એ કવિનજર નહીં. જુવાનોની નજર જ હોય. જુવાનિયાં રવિવાર માણવા ઘર બહાર નીકળી ગયાં. પછી?

ઘરમાં અપંગ ખાલી ઘરોમાં પુરાયેલો,
ખાંસે ઘડી ઘડી અને હાંફે છે રવિવાર.

વિદેશની વિસ્મયભૂમિમાં યે કવિને વતન અને ગતકાળ સાંભરે છે 'સીમને ખેતરે' અને 'કાગડો' જેવી કૃતિ રચાય છે. પોતાના ગામની છબિ હજી કવિ હૈયે અંકિત છે. ગઝલના રૂઢ ફોર્મમાં તેઓ પોતીકાપણાની પોતાની જુદી ભાત ઉપસાવે છે. પંદર વર્ષ પર ગઝલમાં કાગડો આવ્યો હોત તો, કાગડાને નહીં, કાગડાને લાવનારને પીંખી નાખવામાં આવ્યો હોત!

*

ગઝલકાર કોઈ કોઈ રદીફ જ એવી પસંદ કરે છે કે તેની સાથે જોડાયેલા સંદર્ભોને જ ભાવરૂપે પ્રગટ કરવાનું અનાયાસપણે શકય બને છે અને ત્યારે પ્રત્યેક શે'રે જુદો ભાવ હોવા છતાં એવી ગઝલમાં સાતત્ય પણ અનાયાસ જ

પ્રગટ થાય છે. 'હરેક છાપરે એક ચાંદ' ગઝલની રદીફ 'બરફ' છે. ગઝલમાં ચાંદ ન આવે? રૉમેન્ટિક મૂડની ગઝલમાં ચાંદમુખીરૂપે પણ ચાંદ આવે જ. પણ કવિ આપણી ભૂમિ છોડીને દૂર દૂર યૂરોપના દેશમાં હવે વસે છે. એ મકાનોના માથે વરસેલો બરફ જુએ છે એટલે એમને લાગે છે—

જાણે હરેક છાપરે ઊગે છે એક ચાંદ,
કંઈ એમ ચાંદનીમાં ઝગી જાય છે બરફ!

(બરફ વરસ્યા પછીયે આકાશ ઉઘડીને પડેલા બરફ પર ચાંદની વરસતી હોય તો આ રમ્ય દર્શન અશક્ય નથી.)

—અને તરત આવે છે ગઝલકારનો પરંપરિત અજંપો, સાવ નવા સંદર્ભમાં—

ઑગાળનારો સૂર્ય એ બનતો નથી મહેક,
દિલમાં જે એની યાદનો પથરાય છે બરફ!

આ કવિ હૃદયનો નિજી સ્પર્શ છે.

બીજા તો થાય છે અને ભૂલી જવાય છે,
અસ્તિત્વમાં તમારો રહી જાય છે સ્પર્શ!

'પરદેશમાં' ગઝલમાં જે આરત પ્રગટ થઈ છે એ આરત અગાઉ ક્યાંય વ્યક્ત ન જ થઈ હોય એમ ન કહી શકાય. એ ઉદ્ગાર રૂપે છે એટલે એવું પરિણામ આવ્યું છે, પરંતુ

બર્ફીલા દહાડે
તારી યાદોનો દિલ—
માં બર્ફ જામે. (યાદો)

એમ કહે છે ત્યારે કવિ ખરેખર વિદેશમાં છે એમ સંદર્ભ પોતે જ કહી જાય છે. ગઝલના ફૉર્મને અને માનવી આદિકાળથી જે લાગણી અને ભાવ અનુભવતો આવ્યો છે તેને પોતીકા રૂપે શી રીતે વ્યક્ત કરવા એ મથામણનો ઉકેલ કંઈ આવા પોતીકા સંદર્ભોમાં જોઈ શકાય છે.

હું તનહાઈથી તંગ આવી ગયો છું,
મને બીક મારી જ લાગે છે આજે.

પરંપરિત વિરહમાં આવો ભાવ સામાન્ય છે. પણ એમાં વતનથી વિખૂટા હોવાનો સંદર્ભ પણ જોડીએ ત્યારે એની તીવ્રતા વધારે અનુભવાય.

ઈશ્વર પોતે પણ માનવીનો સંદર્ભ છે! માનવી સિવાય શું બીજા કોઈ જીવ-જંતુ માટે એ સંદર્ભ હશે ખરો? માનવમાં રહેલા આર્ષપરિમેય ભાવે એક પાર ન પામી શકાય એવો સંદર્ભ પ્રયોજ્યો (કવિ તો એમ જ કહેવાનો — એ થોડો ધર્મગુરૂ છે!), એને પડછે માનવીની કેટકેટલી શકયતાઓ પ્રગટ થાય છે — થતી રહે છે!

કવિતામાં યે પરંપરિત ભાવમાં યે પોતીકો સંદર્ભ જોડાય છે ત્યારે એ આગવો અને માણવા જેવો બની રહે છે.

કવિ જ કહે છે:

ભાષા કદી કહી નથી શકતી મહેક એ,<br>
શબ્દો વિના જે વાત કહી જાય છે સ્પર્શ.

(સ્પર્શ)

— એને આપણે સંદર્ભ પણ કહી શકીએ.

'હવા', 'બરફ' 'અજવાળું' જેવી રદીફોની ગઝલોનો આસ્વાદ આહ્લાદક નીવડશે. અને 'બરફ'ની જે લીલા છે એ સૂક્ષ્મ અનુભૂતિથી હૃદગત બનેલી ચિત્રાત્મકતા પણ રચે છે. એકદંરે એવી રચનાઓમાં ભાઈ 'મહેક'ને વિશેષ સફળતા સાંપડી છે.

રોશની એટલી વધી ગઈ કે,<br>
આંધળું થઈ ગયું છે અજવાળું!

(અજવાળું)

આ ઈન્દ્રિયગોચર કે દૃષ્ટિગોચર અંધતાનો વિરોધાભાસ વાસ્તવમાં તો વિજ્ઞાન પ્રકાશના પ્રત્યાઘાતનો સંકેત કરે છે. આવી સહજ વેધક રીતિએ કહેવાયેલો શે'ર હૃદયમાં વસી જાય છે

*

અસ્તિત્વની ખોજને આપણે 'તરસ' કહી શકીએ. એ વતનથી દૂર જઈએ તો વતનની તૃષા રૂપે વ્યકત થાય, આત્મીયજનથી અળગા હોઈએ તો તેમની

ઝંખના રૂપે પ્રગટ થાય, અને ભર્યું ભર્યું જગત હોવા છતાં કોઈ દૂરની અભિપ્સા હોય ત્યારે—એક રૂઢ પદાર્થજગતથી અપૂર્ણનો ભાવ જાગે ત્યારે—

એક અજંપો છે, જેના લીધે માનવી
આ ધરા છોડીને ચાંદ પર જાય છે.

અને આ ધરતીનો છંદ પણ જેવો તેવો નથી:

અરે એકાદ ટીપામાં સુરાલય પી ગયો આખું,
તમોને શી ખબર કે શી રીતે મહેફિલ મેં માણી છે!

*

કેવી હતી એ પ્યાસ ન પૂછો 'મહેક'ને,
ભીનાશ પણ રહી નથી એકેય જામમાં!

*

મારી ભ્રાંતિ પર અરે સહરા બધા હસતા રહ્યા
ઝાંઝવાને જોઈને મારી તરસ વધતી રહી.

આણુથી બ્રહ્માંડને ભોગવવાના અને તરસ્યા રહેવાની એક તૃષા અને બીજી એક એવી તૃષા જે તમામને પી ગઈ છે અને એને લાગે છે કે અહીં પીવા જેવું કશું નથી—એ તૃષા પછી ચન્દ્ર પર લઈ જાય ખરી. પણ આપણને તો ટીપાની તરસ રહે એ ઝંખના સેવવા સરખી લાગે છે.

*

સ્મૃતિ એ પોતે જ ચિરંતન અનુભૂતિ છે! એ જ ભૂતકાળને અખંડ રાખી ભવિષ્યના કલ્પનાતંતુને લંબાવી આપે છે, પ્રાપ્ય સંદર્ભમાંથી નવાં નવાં કલ્પનો આવે છે અને કવિ એની લીલા કરે છે. ભાઈ 'મહેક'માં વસેલા કવિએ કરેલી રટણા તે આ કાવ્યસંગ્રહ છે.

નવીનતર ગુજરાતી ગઝલ નવા નવા સંદર્ભો અને સૌન્દર્ય સંકેતો લઈને નાજુક ભાવદેહે અવતરી રહી છે ત્યારે સમાંતરે નવી ગઝલનો પ્રવાહ પણ વહી

જ રહ્યો છે તેમાં પ્યાસનું ઝરણું સમર્પિત થતું અને પોતાના કેટલાક રમણીય સીકરો નવીનતર પ્રવાહમાં યે વિભોરપણે ઉડાડતું જોઈ શકાય છે. ગુજરાતથી, દેશથી માઈલો દૂર વસતા ભાઈ 'મહેક'ને તેમનાં કાવ્યો દ્વારા મળતાં આનંદ અનુભવીએ.

— રતિલાલ 'અનિલ'

૩૧-૧૨-'૭૧
આનંદનગર,
સગરામપરા,
સૂરત—૨

# પરદેશની ભૂમિ પરથી

'પ્રેમથી માથે ચઢાવી લઉં હું એને આજપણ,
જો મળે ચપટી મને ખાકે-વતન પરદેશમાં.'

છેલ્લાં પાંચ વર્ષથી ઈંગલાન્ડમાં વસવાટ કર્યો હોવા છતાં મેં સદ્‌ભાગ્યે ગુજરાતી ગઝલ અને ગઝલકારો સાથેનો મારો સંપર્ક ગુમાવ્યો નથી. લાંબી બેકારી અને ગંભીર માંદગીમાંથી પસાર થયો હોવા છતાં મારું ગઝલ સર્જન અવિરત ચાલુજ રહ્યું છે અને એના પરિણામરુપે મારો આ પ્રથમ ગઝલ-સંગ્રહ પ્રગટ થાય છે એ મારા માટે આનંદ અને સંતોષની વાત છે.

આભાર-ઉલ્લેખ કર્યા સિવાય, મારા આ નાનકડા કાવ્ય પુસ્તક વિષે મારે ઝાઝું કશું કહેવું નથી. દરદ મીઠાં મીઠાં, અગન મીઠી મીઠીની વાતોથી ભરપૂર મારી ગઝલો વાચક-મિત્રોને ગમશે એવી આશા-શ્રદ્ધા સાથે:—

— મારા બાળપણના કવિ-મિત્ર ભાઈ અદમ ટંકારવીનો, ગઝલ અને ગઝલકારો સાથે મારો પ્રથમ પરિચય કરાવી, પ્રેરણા પૂરી પાડવા બદલ;

— મારા કલાકાર મિત્ર ભાઈ આદમ ચવાડી નો —'પ્યાસ'ના પ્રકાશનની જવાબ-દારી સંભાળવા બદલ;

— ભત્રીજા ઈબ્રાહીમનો, ગઝલને લગતું ઉપયોગી સાહિત્ય નિયમિત મોકલતા રહેવા બદલ;

— ગઝલ ફહેમ મિત્રો 'કમાલ', 'સૂફી', 'સાગર' અને 'અસ્થિર'નો;

— મુરબ્બી 'નામાવટી', જ. 'બેકાર', શ્રી 'ભગીરથ', જ. 'અસર' સૂરતી, જ. 'લતીફ' સૂરતી તથા અન્ય તંત્રી-સંપાદકોનો, અવારનવાર મારી ગઝલો પ્રગટ કરી પ્રોત્સાહન પૂરું પાડવા બદલ;

— મુરબ્બી રતિલાલ 'અનિલ'નો 'પ્યાસ'ની પ્રસ્તાવના લખી આપવાની વિનંતી સ્વીકારવા બદલ.

'મહેક' ટંકારવી

૩૨, હૅરોલ્ડ સ્ટ્રીટ,
બોલ્ટન, લેન્કસ,
ઈંગ્લાન્ડ

# કઈ ગઝલ કયા પાને...

1. શેર: ..............................14
2. મુક્તક: ............................15
3. ગ ઝ લ ............................19
4. વેદનાની વાણી છે ................20
5. તરસ વધતી રહી .................21
6. વ્યથા હોય છે .....................22
7. સહારા યાદ આવે છે .............23
8. સુવાસ તો નથી ....................24
9. દિલની કિતાબમાં .................25
10. પ્યાસ ભટકે છે ....................26
11. ફૂલો નિભાવે ખારને .............27
12. આજકાલ ..........................28
13. ફૂલ ભોંકાય છે! ...................29
14. એના વિચારમાં ....................30
15. તારલા .............................31
16. શરમાય છે હવા ...................32
17. યાદ આવે છે આજે ...............33
18. દિલની વાત આંખોમાં ...........34
19. રેલાય છે અવાજ ..................35
20. ધડકે છે તારી યાદ ...............36
21. એકાંતમાં ..........................37
22. દિલ બેકરાર છે ...................38
23. મંઝિલની આસપાસ ..............39
24. મસ્તક ઝુકાવ્યા કરું ...............40
25. આયના જેવું ......................41
26. આપી તો પ્યાસ અમને ...........42
27. અચાનક યાદ આવે છે ...........43
28. સ્વપ્નો સરી ગયાં ................44
29. પી જાઉં છું .......................45
30. ન દેખાય ચ્હેરો ..................46
31. શરાબ લઈ આવો .................47
32. અજવાળું ..........................48
33. સમંદર સાદ પાડે છે .............49
34. ડંખ્યા કરે છે રાતદિન .............50
35. ચૂમે કબર આપની ................51
36. ચમનની બેચેની ..................52
37. પરદેશમાં ..........................53
38. હજી પણ યાદ છે .................54
39. વિચારો નવા નવા ................55
40. નિભાવું છું દોસ્તો ................56
41. આંસુ ...............................57
42. સ્પર્શ ...............................58
43. બરફ ...............................59
44. મનગમતાં વાદળ .................60
45. સીમને ખેતરે ......................61
46. આંખ જોતી રહી ..................62
47. કાગડો .............................63
48. રવિવાર ...........................64
49. હોઠ પર મારા સુરા આવી .......65
50. સાંજ પણ વીતી જવા આવી .....66
51. ભૂંસી નાંખો .......................67
52. વળ ખાય આંખોમાં ..............68
53. કફન મહેકે છે .....................69
54. ઝૂમવાની ઋતુ આવી .............70
55. જિંદગી પૂછતી રે' સદા ..........71
56. હાઈકુ .............................72

# શેર:

મળ્યો છે સંગ એમને નિશદિન ‘મહેક’નો
ખુશબો ભળી છે એટલે કાગળનાં ફૂલમાં

*

બંધન હશે જો પ્રેમનું મુક્તિ મળી જશે
માનવ હૃદયને પ્રેમની જંજીર જોઈએ

*

કાંટાઓ સંગ પ્યાર નિભાવીને પણ સદા
ખીલતાં રહે છે ફૂલ ચમનમાં ગુલાબનાં

*

ખખડી ગયું છે સાવ પેલું વૃક્ષ એકલું
ઊંડા કરી ગયું છે કોઈ ઘાવ મૂળમાં?

*

મોત ભૂખ્યું થાય છે ત્યારે ‘મહેક’
જિન્દગી એક કોળિયો થઈ જાય છે

*

કેવી હતી એ પ્યાસ ન પૂછો ‘મહેક’ને
ભીનાશ પણ રહી નથી એકેય જામમાં

*

હું કરું છું એકઠાં દર્દો બધાંયે દિલ મહીં
એ રઝળતાં હોય છે તો દર્દ મુજને થાય છે

*

‘મહેક’ જાશે તજી દુનિયા, તમે શું ખાક રડશો કે-
કફનના તાર પણ થઈને જુદા રડશે જનાજામાં

# મુક્તક:

દુ:ખી પામે દિલાસો ને દરિદ્રો સાન્તવન મુજથી
રડે જો આંખ કોઈની તો હું પાલવ બની જાઉં
ઘડીભર ચંદ્ર ને પરલોકની વાતો વિસારીને
વસી આલોકમાં હું માનવી માનવ બની જાઉં

*

આપણે સૌ દંભ આડંબર મહીં જીવી રહ્યા
ઝેર હૈયામાં, છતાંયે હોઠથી હરખાઈએ!
હોઠ ને હૈયાની વચ્ચે કેટલું અંતર વધ્યું
આપણે જેવા છીએ, કયારેય ના દેખાઈએ!

*

કદી એકાંતમાં જો સાદ અંતરનો સૂણું છું તો
બદન ભીંજાય પરસેવે ને વિહ્‌વળ થઈ ઊઠું છું હું
શું તેથી શ્‌હેરના કોલાહલે મ્‌હાલે મનુજ આજે
કે ડૂબે સાદ અંતરનો અવાજોમાં, પૂછું છું હું

*

કયારેક ધ્યાનથી જો તમે સાંભળી જુઓ
સંભળાય છે કહાણીઓ કબ્રોની ધૂળમાં
માનવની કેટલીયે અધૂરી મુરાદની
દેખાય છે નિશાનીઓ કબ્રોની ધૂળમાં

આપ નાહક દિલના જખ્મોની કરો છો સારવાર
ઘાવ દિલના શું કદી મરહમ થકી રૂઝાય છે?
દોસ્તોની બેવફાઇ હદ વટાવી ગઇ 'મહેક'
દુશ્મનો અજમાવવાનું આજ તો દિલ થાય છે

*

ખુશીથી નથી કોઇ નિસ્બત અમારે
અમે જામ પીધા છે ગમના છલોછલ
સલામત તમોને એ અમૃતના પ્યાલા
અમે જીરવીશું કટોરા હલાહલ

*

આંખ સામે જ ખ્વાબ રસ્તામાં
જાણે કે માહતાબ રસ્તામાં
હોશ બાકી રહે 'મહેક' ક્યાંથી
એ મળ્યાં બેનકાબ રસ્તામાં

*

કંટકોનો એ સ્વાદ શું જાણે
જે સૂએ નિત્ય ફૂલ-શય્યામાં
મોજ મઝધારની એ શું સમજે
જે જીવે છે સદા કિનારામાં?

આનંદ હોય કે પછી દિલમાં વિષાદ હોય
ખુશીઓનું ગીત હોય કે ગમની રૂદાદ હોય
અવસર ગમે તે હોય પરંતુ હૃદય મહીં
તારો નિવાસ હોય અને તારી યાદ હોય

*

તું છે તો ફૂલ છે ને ચમનમાં બહાર છે
પ્રત્યેક ચીજમાં મને મમતા છે, પ્યાર છે
તારે લીધે જ ચાંદ છે, સૂરજ છે, સિતારા
તારે લીધે જ સાંજ ઢળે છે, સવાર છે

*

એવું કરો કે રોજ મુલાકાત થઇ શકે
આપસમાં પ્રેમની બે ઘડી વાત થઇ શકે
ઘૂંઘટ હટાવો આપ તો ઊગે દિવસ અને-
ઝુલ્ફો વિખેરો આપ અને રાત થઇ શકે

*

મળે છે આંખ તો દરરોજ ને હોઠો હસે છે પણ
કઠિન કેવો પરસ્પર પ્રેમનો ઈકરાર લાગે છે
ભલે તું ના મળે પણ યાદ તો તારી રહે કાયમ
‘મહેક’ જીવન કોઈની યાદ વિણ દુશ્વાર લાગે છે

મારી તમારી આંખ અચાનક મળી ગઈ
બનવાની વાત એમ બનીને રહી ગઈ
સૂનું હતું મકાન તે આબાદ થઈ ગયું
આવીની પ્રીત આપની દિલમાં વસી ગઈ

*

ભલે કંટકો પાથરે રાહમાં એ
હું કોમળ છું, ફૂલો બિછાવીશ હું તો
સહેવા પડે તો સિતમ હું સહીશ પણ
સિતમગરને માનવ બનાવીશ હું તો

*

છલકતા જે ઘડી જોઉં છું મયના જામ આંખોથી
બની પ્યાસું આ મારું મન તો ડૂબી જાય આંખોમાં
જરૂરત ના રહી સાકી તમારા મયકદાની કે-
મને તો મયકદા આખો હવે દેખાય આંખોમાં

*

ઘણી મુદ્દત પછી દિલમાં કોઈનો પ્યાર લાવ્યો છું
કદી બૂઝાયના એવો હું એક અંગાર લાવ્યો છું
'મહેક' આજે પ્રફુલ્લિત કેમ છે ગંભીર મુખ તારું
કોઈની આંખનો આશાભર્યો અણસાર લાવ્યો છું

*

કોઈ શાયરની કલ્પના જેવું
સ્વર્ગની કોઈ અપ્સરા જેવું
છે સમાયું જે મારી આંખોમાં
રૂપ તારું છે ઝાંઝવા જેવું

# ગ ઝ લ

આપી તો પ્યાસ અમને પ્યાસા હરણની આપી
ને જિંદગી સળગતા વેરાન રણની આપી
નજરોથી દૂર મંઝિલ, રસ્તા કઠિન તેં આપ્યા
બળતા બપોરે સંગત સૂકા ઝરણની આપી

## વેદનાની વાણી છે

ગઝલ મારી તો મારા દિલની એક ટૂંકી કહાણી છે
વ્યથાની, વેદનાની, આહોગમની એક વાણી છે

તમારું ભાગ્ય એ કયાંથી કે દર્દેદિલ મળે તમને
અમારે તો દિવસ ને રાત દર્દોની જ લ્હાણી છે

અહીં તો આપણે માનવ દુ:ખોને વહેંચવાનાં છે
તમે પણ આવજો, મારે ત્યાં દર્દોની ઉજાણી છે

તમારી છે, તમે દીઠી ન એને હોય તો દેખો
અમે તો ખૂબ આ દુનિયાને દીઠી છે ને જાણી છે

અરે એકાદ ટીપામાં સુરાલય પી ગયો આખું
તમોને શી ખબર કે શી રીતે મહેફિલ મેં માણી છે

ભુલાવી દે છે જે કોકિલ અને બુલબુલ તણાં ગીતો
એ તારા હોઠની અમૃત-ઝરન્તી પ્રેમ-વાણી છે

તું ગંગાજળ કહી લઈ જાય છે ગાગર ભરી જેને
એ મારા દિલના મીઠા પ્રેમ-સાગરનું જ પાણી છે

'મહેક' દિલની બધી વાતો કહી દે છે ગઝલમાં પણ
બતાવો, કોણે મારા દિલની હાલતને પિછાણી છે

## તરસ વધતી રહી

વેદના, આહો, વ્યથાના તાપમાં તપતી રહી
જિન્દગીની મીણબત્તી એમ ઓગળતી રહી

એટલે તો ના ગમ્યું બીજું કશું એને જગે
શોધમાં તારી જ આ મારી નજર ભમતી રહી

મેં બગાડયું તો નથી એનું કશું યે તે છતાં
એની આદત છે, અને દુનિયા મને નડતી રહી

મારી ભ્રાન્તિ પર અરે સહરા યે ખુદ હસતા રહ્યા
ઝાંઝવાને જોઇને મારી તરસ વધતી રહી

મિત્રતામાં તો પ્રહારો પીઠ પાછળથી થયા
દુશ્મની તો સામી છાતીએ જ ઘા કરતી રહી

કોઇ એને ‘વેદનાનું વિશ્વ’ ગણતું હો ભલે
પ્રેમની દુનિયા ‘મહેક’ને તો સદા ગમતી રહી

## વ્યથા હોય છે

રાતદિન એકની એક વ્યથા હોય છે
દર્દમય તેથી મારી કથા હોય છે

પ્રેમની મંઝિલે પહોંચશું કઇ રીતે
રાહ મારા તમારા જુદા હોય છે

હાથ ઝાહિદ હું શી રીતે રોકું ભલા
આંખ સામે જ કાળી ઘટા હોય છે

યત્ન મારા ફળે ના ફળે, ગમ નથી
ઝાંઝવાની મને ઝંખના હોય છે

દિલને મારા દરદ રાસ આવી ગયું
નિત્ય એમાં ફકત વેદના હોય છે

એ બિચારા કરે દર્દ-ઉપચાર શું
દર્દ ખુદ જ્યાં અમારી દવા હોય છે

ભોળપણમાં રખે છેતરાતો 'મહેક'
એમની ના મહીંયે તો હા હોય છે

## સહારા યાદ આવે છે

તમે ચાલી ગયાં, દિલને સહારા યાદ આવે છે
મુસીબતમાં જ મુફલિસને ઉગારા યાદ આવે છે

ખરેલાં ડાળથી પુષ્પો નિહાળીને પતંગોને
વસંતે બાગમાં કીધા ઉતારા યાદ આવે છે

ઝબૂકતી વીજળી આકાશને ચીરી જતી જોઇ
કોઈની આંખના કાતિલ ઈશારા યાદ આવે છે

ઉછળતા અબ્ધિને આંબી અમે આવ્યા કિનારે તો-
અમોને સાથ લઇ ડૂબ્યા, કિનારા યાદ આવે છે

ગગનમાં ખોટ કયાં છે તારલાઓની 'મહેક' કિન્તુ
ખરી નભથી ગયા જે, તે સિતારા યાદ આવે છે

## સુવાસ તો નથી

બદલાયેલો શું એમનો નિવાસ તો નથી
છે દીપ, તોયે ઘર મહીં ઉજાસ તો નથી

દૃષ્ટિથી દૂર, દિલથી નથી દૂર એ કદી
નજદીક છે, ને તોય કદી પાસ તો નથી

એમાં હું જેમ તેમ કરી જીવ્યે જાઉં છું
દુનિયા હજીય જો કે મને રાસ તો નથી

ખૂંચ્યા કરે છે આખા બદનમાં કશું જુઓ
તનમાં ઊગી નીકળ્યું કોઇ ઘાસ તો નથી?

શીદને હવા ઘૂમે છે બધે બેકરાર થઇ
એ સાંભળી ગઇ વાત કોઇ ખાસ તો નથી

પી લઉં છું પ્રેમથી તમે પાઓ છો એટલે
બાકી પ્રથમ હતી તે હવે પ્યાસ તો નથી

પથ્થર કહું કે દિલ કહું એને હવે 'મહેક'
દિલમાં કોઇની યાદની સુવાસ તો નથી

## દિલની કિતાબમાં

દીઠી છે મેં જે રોશની એના શબાબમાં
ઓ ચાંદ! તારી ચાંદની તો શા હિસાબમાં?

પગમાં ભલેને હોય જગતભરની બેડીઓ
મળતો રહીશ એને ખયાલોમાં, ખ્વાબમાં

સમજી નહીં શકો તમે ક્યારેય દોસ્તો
છે છેકછાક એટલી દિલની કિતાબમાં

ક્યારેક તો આંખોની ભલા પ્યાસ બૂઝાવો
ક્યાં તક રહેશો આમ છૂપેલાં નકાબમાં?

ખોવાઇ જાય દિલ જો કદી મારું સાથીઓ
તો શોધજો ઝુલ્ફોના કોઇ પેચતાબમાં

જખ્મોને દિલમાં એમ મળી છે જગા 'મહેક'
કે જેમ કંટકોને મળી છે ગુલાબમાં

## પ્યાસ ભટકે છે

આરજૂઓ ઉદાસ ભટકે છે
આશ થઈને નિરાશ ભટકે છે

સૂક્કાં, સળગી રહેલ રણ માંહે
પ્યાસા હરણાંની પ્યાસ ભટકે છે

એમ ઉજડેલ મારા જીવનમાં
સ્મૃતિઓની સુવાસ ભટકે છે

કોઇ ઉજડી ગયેલ ઉપવનમાં
જાણે ફૂલોની વાસ ભટકે છે

દિલ મહીં મારા એક મુદ્દતથી
દર્દગમની અમાસ ભટકે છે

સૂર્ય ડૂબી ગયો છે દરિયામાં
તોય એનો ઉજાસ ભટકે છે

આવી આવી વમળ 'મહેક' આજે
નાવની આસપાસ ભટકે છે

## ફૂલો નિભાવે ખારને

શેખ! તું નાહક તિરસ્કારે ગુનો કરનારને
બાગમાં જઈને તો જો, ફૂલો નિભાવે ખારને

આસમાની રંગનો દરિયો વહ્યો મુજ આંખથી
એ રીતે ધોયો છે મેં અંતર તણા અંધારને

સેંકડો જખ્મો સહીને આખરે દિલ, 'દિલ' થયું
ચેન દર્દોગમ વગર ક્યાંથી પડે દિલદારને?

છે કદમ નાજૂક છતાંયે પ્હોચવું છે દ્વાર તક
સાથ દે દીવાનગી તો પામશું દીદારને

હો ભલે તોફાન ને આંધી 'મહેક' દરિયા મહીં
ડૂબશું તો સાથમાં લઈ ડૂબશું મઝધારને

## આજકાલ

સૂનું મકાન, મૂક દીવાલો છે આજકાલ
હું છું, દિલે હજાર તૂફાનો છે આજકાલ

ઘૂસીને ચોર પેઠે જગતભરનો અંધકાર
મુજ ઘરને ખૂણે ખૂણે લપાયો છે આજકાલ

દુશ્મનને હું કદીયે તિરસ્કારતો નથી
મિત્રો હતા કદી જે, તે દુશ્મન છે આજકાલ

નાનકડું દિલ છે એનું હવે થાય તે ખરું
તારી જ યાદ, તારા વિચારો છે આજકાલ

દિગ્મૂઢ બની જુએ છે દીવાલો ટગર ટગર
ઘરમાં સજે એ કોનો જનાજો છે આજકાલ?

દરિયો રૂઠેલ છે ને દિશાઓ છે ધૂંધળી
નજરોથી 'મહેક' દૂર કિનારો છે આજકાલ

## ફૂલ ભોંકાય છે!

ખૂબ ચાલું છતાં જ્યાં ન પ્હોંચાય છે
દૂર નજરોથી મંઝિલ થતી જાય છે

પ્રેમથી કંટકોને ગુલાબો કર્યા
તો ચમનમાં હવે ફૂલ ભોંકાય છે!

રાહબર રાહઝન થઈને લૂંટી ગયા
વાત એ કોઈને ના કહેવાય છે!

વાદળો વેદનાના ઝળુંબે દિલે
તે છતાં મન મૂકીને કયાં વરસાય છે?

રોજ બનતું રહે છે અહીં અવનવું
રોજની એક નવી વાત ચર્ચાય છે!

એક અજંપો છે જેના લીધે માનવી
આ ધરા છોડીને ચાંદ પર જાય છે!

કોઈ આવે, તો કોઈ છોડીને જાય છે
ને 'મહેક' આંખ જોતી રહી જાય છે!

## એના વિચારમાં

જીવનનું પુષ્પ એ રીતે ખીલે છે પ્યારમાં
જે રીતે ફૂલ મ્હેંકી ઊઠે છે બહારમાં

અણસાર આછો આપનો પામ્યો છું જ્યારથી
દિનરાત હું રહું છું અનોખા ખુમારમાં

વહેતો રહું છું રોજ હું વંટોળિયાની સાથ
શોધું છું કાફલાઓને હું તો ગુબારમાં

મુદ્દતથી બેકરાર છું તેથી જ તો હવે-
શાયદ જીવી શકીશ નહીં હું કરારમાં!

મારા વિષે વિચારી શકે ના ઘડીક એ
હું રાત ને દિવસ રહું એના વિચારમાં

એના વચન ઉપર મને વિશ્વાસ તો નથી
બેસી રહ્યો છું તેમ છતાં ઈન્તેજારમાં

ઊઠો, પરોઢ થઈ ગયું, ફૂલોના તો 'મહેક'
ધોવાઈ પણ ગયા છે ચહેરા તુષારમાં

## તારલા

થઈ રાતના ચિરાગ ઝઝૂમે છે તારલા
અજવાળવા અમાસને મથે છે તારલા

જ્યાં ઝાડવાંનાં ઝૂંડમાં ઝબૂકે છે આગિયા
ત્યાં શ્યામ વાદળોમાં ઝગમગે છે તારલા

નિરખી ધરાના માનવીના રંગ-ઢંગ એ
કો’ વાર નભથી થરથરી ખરે છે તારલા

એ શું કરે છે જાગતા રહીને તમામ રાત
ચૉરે મળીને વાત શી ચર્ચે છે તારલા?

એ કોની શોધમાં સદા ફર્યા કરે ‘મહેક’
એ કોના ઈન્તેજારમાં ઊગે છે તારલા?

## શરમાય છે હવા

આહો ભરે છે કોઇ તો ગૂંગળાય છે હવા
વાતાવરણના રંગમાં રંગાય છે હવા

કરતી રહે છે બાગમાં ફૂલોની છેડતી
કયારેક કંટકો થકી વીંધાય છે હવા

કે'તી ફરે છે કાનમાં શી વાત એમને
ધીમું હસે છે પાંદડાં, શરમાય છે હવા

ભૂલી તો આમ કયારે ય પડતી નથી છતાં
ઝુલ્ફોની પેચતાબમાં અટવાય છે હવા

વૈશાખના મધ્યાહ્નથી ડરતી રહે છે એ
ભીતરમાં જઇ બખોલની સંતાય છે હવા

સાગરમાં ન્હાય છે અને રણમાં સૂકાય છે
ને ધૂળમાં આળોટી મેલી થાય છે હવા

એ ખાલી હાથ બાગથી પાછી નથી જતી
ફૂલોની 'મહેક' સાથમાં લઇ જાય છે હવા

## યાદ આવે છે આજે

બની આંખમાં આંસુ આવે છે આજે
મને યાદ તારી સતાવે છે આજે

હતા હોઠ પર હોઠ, આંખોમાં આંખો
નજરથી નજર ના મિલાવે છે આજે

અમારી વફાઓ, તમારી જફાઓ
બધું સામટું યાદ આવે છે આજે

છે દિલમાં ઉદાસી, નજરમાં ઉદાસી
કશામાંય ક્યાં જીવ લાગે છે આજે

હું તનહાઈથી તંગ આવી ગયો છું
મને બીક મારી જ લાગે છે આજે

એ પાપી છે પડછાયો મારો ને તેથી
બહુ દૂર મુજથી એ ભાગે છે આજે

'મહેક' કાલે કદમોમાં રમતી હતી જે
તે મંઝિલ ઘણી દૂર ભાસે છે આજે

## દિલની વાત આંખોમાં

ધડકતાં બે દિલોની થાય મુલાકાત આંખોમાં
અજબ રીતે પ્રણયની થાય છે શરૂઆત આંખોમાં

નજર જાલિમ જમાનાની અમોને દેખતી રહી ગઇ
રહ્યા ખામોશ હોઠોને થઇ ગઇ વાત આંખોમાં

ધસી આવ્યાં તિરાડો માંહેથી કિરણ સૂરજનાં તો-
ખબર અમને પડી વીતી ગઇ છે રાત આંખોમાં

નિગાહો ફેરવી લેનારને કયાં છે ખબર એની
હમેશાં હોય છે છાની હૃદયની વાત આંખોમાં

કમી કંઇ પણ નથી, ભરપૂર છે આ જિન્દગી મારી
છે એની યાદ દિલમાં, આંસુની સોગાત આંખોમાં

નજર પર બેઘડી ઢાળી દે પાંપણ તું ‘મહેક’ નહિતર
તને બદનામ કરશે આવી દિલની વાત આંખોમાં

## રેલાય છે અવાજ

આંખો રડી પડી અને રેલાય છે અવાજ
છે બંધ હોઠ તોય વહી જાય છે અવાજ

બોલ્યાં તમે એ વાતને વર્ષો વહી ગયાં
દિલમાં હજીય કેમ એ પડઘાય છે અવાજ

નહિતર આ અંધકારમાં રસ્તો જડે નહીં
થઈને પ્રકાશ કોઈનો પથરાય છે અવાજ

છે એમનાથી તો એ પરિચિત ઘણો છતાં
દિલની છે વાત એટલે શરમાય છે અવાજ

હોઠોનું સ્મિત, આંખના મદમસ્ત ઈશારા
શબ્દો વિનાય આજ તો સંભળાય છે અવાજ

દિલની દીવાલો ગુંજતી થઇ જાય છે 'મહેક'
જો એની યાદનો કદી અથડાય છે અવાજ

## ધડકે છે તારી યાદ

ધડકન બનીને દિલ મહીં ધડકે છે તારી યાદ
આંસુ બનીને આંખથી ટપકે છે તારી યાદ

શબનમ બનીને રાતમાં વરસે છે તારી યાદ
તમરાંઓનાં ગુંજન મહીં ગુંજે છે તારી યાદ

વહેલી સવારે ઝાડવાંનાં ઝૂંડ ઝૂંડથી
ચક્ ચક્ અને ચીં ચીં કરી ઊઠે છે તારી યાદ

આંધી અને તોફાનના અંધારની વચ્ચે
વીજળી બનીને આભમાં ચમકે છે તારી યાદ

મુજ દિલ મહીં મીઠી અગન થઈને વસે છે એ
એકાન્ત રાતોમાં મને બાળે છે તારી યાદ

કો’ બેવફાની શોધમાં પાગલ બની જાણે
શેરી મહીં ભૂલી પડી ભટકે છે તારી યાદ

## એકાંતમાં

દિલમાં કંઇ કંઇ થાય છે એકાંતમાં
મન ઘણું મૂંઝાય છે એકાંતમાં

ભૂલવા જેને ચહું છું એ જ તો
યાદ આવી જાય છે એકાંતમાં

ભૂતના ભુલાયલા પડઘાઓ પણ
કાન પર અથડાય છે એકાંતમાં

અવનવી કંઇ ઊર્મિઓની દિલ મહીં
ભીડ જામી જાય છે એકાંતમાં

હું જ ને 'હું'નો પરિચય પણ જુઓ
થાય છે તો થાય છે એકાંતમાં

સુપ્ત ઇચ્છાઓ બધી મનની સદા
નિત્ય જાગી જાય છે એકાંતમાં

એને હું સાચો સદાચારી કહીશ
જે 'મહેક' સચવાય છે એકાતમાં

## દિલ બેકરાર છે

કોને છે ચેન, ને વળી કોને કરાર છે
દુનિયાનો આ તે કેવો અજબ કારભાર છે

એને તો ક્યારનો ય હું ઠુકરાવી દેત પણ
તારા લીધે જ તો મને દુનિયાથી પ્યાર છે

તું સાથમાં જો હોય તો અંગાર ફૂલ છે
તારા વિના તો બાગનાં ફૂલો યે ખાર છે

ખટકે છે દિવસ રાત ફકત તારું એક તીર
બાકી બીજાં બધાં તો દિલની આરપાર છે

મુદ્દતથી મારી એ જ તો હાલત છે દોસ્તો
આંખોમાં ઈન્તેજાર છે, દિલ બેકરાર છે

દિલમાં 'મહેક' સળગે છે યાદોના દીપકો
એની ગલી મહીં ભલેને અંધકાર છે

## મંઝિલની આસપાસ

યાદો વીંટાયેલી રહે છે દિલની આસપાસ
પરવાના જે રીતે રહે કંદીલની આસપાસ

એકાદ દૂર થાય તેથી ફેર શું પડયો
દાગો તો બેશુમાર છે મુજ દિલની આસપાસ

મઝધારે મ્હાલનારને મોતી મળી શકે
છીપલાં સિવાય શું મળે સાહિલની આસપાસ

પામી શકયો નહીં એ મુકદ્દરની વાત છે
ફરતો રહ્યો હું ઉમ્રભર મંઝિલની આસપાસ

શું ખાક કિનારાની કરે કોઇ તમન્ના
ડૂબી અમારી નાવ તો સાહિલની આસપાસ

ખુશબો વફાની આવી રહી છે ધીમે ધીમે
શાયદ હશે 'મહેક' આ મહેફિલની આસપાસ

## મસ્તક ઝુકાવ્યા કરું

પ્રેમની મીઠી વાતો સુણાવ્યા કરું
તું રિસાવે અને હું મનાવ્યા કરું

ભૂલવા તું ચહે, યાદ આવ્યા કરું
એક્ અગન મીઠી દિલમાં લગાવ્યા કરું

તારી ઝુલ્ફોની સુંદર સિયાહી મહીં
આસમાની સિતારા સજાવ્યા કરું

દિલના અંધાર ખૂણાઓ અજવાળવા
તારી યાદોના દીપક જલાવ્યા કરું

નામ તારું સ્મરું, તારી માળા જપું
તારા ચરણોમાં મસ્તક ઝુકાવ્યા કરું

જ્યાં અને જ્યારે પણ તારી મ્હેફિલ મળે
મારી ગઝલોના શે'રો સુણાવ્યા કરું

એ કદી તો તણાશે પ્રવાહે 'મહેક'
હું સતત પ્રેમ-સરિતા વહાવ્યા કરું

## આયના જેવું

અંતરે અણછિપી તૃષા જેવું
દિલમાં કાયમ રહે વ્યથા જેવું

આંખમાં કેમ પ્યાસ જાગી ગઈ
શું કશું જોયું ઝાંઝવા જેવું?

તું ભલે હોય બેવફા દિલબર
તારી યાદોમાં છે વફા જેવું

તે જ ભૂલી નથી શકાતું હવે
છે જે વાસ્તવમાં ભૂલવા જેવું

જેમાં નિરખી શકું પ્રતિબિંબો
દિલ જો આપો તો આયના જેવું

રૂબરૂમાં બધું કહી લેજે
ના રહી જાય વસવસા જેવું

એક બાકી રહ્યું છે આશ્વાસન
તો કરી જોઈએ દુઆ જેવું

દર્દ બેહદ વધી ગયું છે 'મહેક'
કૈંક તો જોઈશું દવા જેવું

## આપી તો પ્યાસ અમને...

આપી તો પ્યાસ અમને પ્યાસા હરણની આપી
ને જિન્દગી સળગતા વેરાન રણની આપી

નજરોથી દૂર મંઝિલ, રસ્તા કઠિન તેં આપ્યા
બળતા બપોરે સંગત સૂકા ઝરણની આપી

સ્વપ્નો તણી ખુશી પણ દુનિયાએ લૂંટી લીધી
રાતો વિરહ-વ્યથાની ને જાગરણની આપી

નિશ્વાસ ઉરને દીધા, જખ્મો જિગરને આપ્યા
આંખોને રોશની પણ શી અશ્રુકણની આપી

દુ:ખદર્દ વેદનાની નો’તી કમી જીવનમાં
શાને ખુદા તેં કપરી ઘડીઓ મરણની આપી

રચવી હતી કથાઓ, કરવા’તા જો તમાશા
શાને આ જિંદગી તેં બે ચાર ક્ષણની આપી

નાહક ‘મહેક’ને આ નિષ્ઠુર જગત મહીં તેં
કોમળ આ લાગણીઓ અંત:કરણની આપી

## અચાનક યાદ આવે છે

મને એકાંત રાતો ખાસ તો ત્યારે સતાવે છે
ગયો’તો જેમને ભૂલી અચાનક યાદ આવે છે

મનુજ બાળક છે આજે પણ, એ જોવા રંગ ઉદધિના
વસી દરિયા કિનારે મહેલ રેતીના બનાવે છે

ગગનના તારલા હમદર્દ છે ઇન્સાનના તેથી
ખરે છે જો ધરા પર કોઇ આંસુઓ વહાવે છે

બિચારાં ભોળપણમાં વીજળીને સાથમાં લઇને
જુઓ પંખી ચમનમાં આજ નિજ માળો બનાવે છે

સુકોમળ દિલ મહીં લહેરાય ઊર્મિઓ જગતભરની
અજબ રીતે ‘મહેક’ પ્યાલી મહીં સાગર સમાવે છે

## સ્વપ્નો સરી ગયાં

બે ચાર આંસુ આંખથી સરતાં સરી ગયાં
છાની હતી જે વાત તે રોશન કરી ગયાં

બે ચાર ફૂલ ડાળથી ખરતાં ખરી ગયાં
કળીઓનાં મન ઉદાસ એ રીતે કરી ગયાં

હું મન ભરીને આપને નિરખી શકયો નહીં
દીઠાં ન દીઠાં આંખથી સ્વપ્નો સરી ગયાં

તાસીર એની યાદનાં કિરણોની જોઈ લો
ખંડેર દિલમાં રોશની કેવી કરી ગયાં

આવ્યાં હતાં 'મહેક' એ ફૂલો જ ચૂંટવા
જોયું તો કંટકોથી એ પાલવ ભરી ગયાં

## પી જાઉં છું

થાય છે ઘોંઘાટ તો ગૂંગળાઉં છું
હોય છે એકાન્ત તો અકળાઉં છું

યાર! કંઇ પણ વાત કર આવી અહીં
દિલની ખામોશીથી હું ગભરાઉં છું

રૂબરૂમાં કંઇ કહી શકતો નથી
એકલો પડતાં વળી પસ્તાઉં છું

આંખ તો જાણે વરસતી વાદળી
આપથી જ્યારે વિખૂટો થાઉં છું

માનતું એ તો નથી તારા વિના
દિલને સો સો વાર હું સમજાઉં છું

પ્યાસ જ્યારે હદ વટાવે છે ‘મહેક’
સામે જો મૃગજળ મળે, પી જાઉં છું

## ન દેખાય ચ્હેરો

ઘરી સ્મિત કયારેક હરખાય ચ્હેરો
કદી આંસુઓથી તો ધોવાય ચ્હેરો

કદી દિલરૂબાની ઝીલે હેત-ટપલી
કદી સ્નેહ વરસાદે ભીંજાય ચ્હેરો

કરી લાખ યત્નો છુપાવો તમે પણ-
અદેખો બધે ચાડિયો થાય ચ્હેરો

હૃદય-સાગરે ઊર્મિ-તોફાન જાગે
તરંગોમાં તરબોળ થઇ જાય ચ્હેરો

વહ્યાં વર્ષની જીવતી નોંધ જાણે
સમય-રેખથી નિત્ય અંકાય ચ્હેરો

નિહાળું જગે અવનવા કૈંક ચ્હેરા
ને મારો જ મુજને ન દેખાય ચ્હેરો

## શરાબ લઈ આવો

મારી બેહોશ નજરનો જવાબ લઈ આવો
એની મદહોશ નજરનો શરાબ લઈ આવો

પ્યાસ આંખોની કહે છે કે બેઘડી માટે
રૂપને આજ તો બસ બેનકાબ લઈ આવો

મુશ્કો અંબરથી વધુ એમનો પસીનો છે
ઝીલવા કાજ કટોરા-ગુલાબ લઈ આવો

આભના ચાંદને તો ઢાંકશે વાદળ કિન્તુ
ઢાંકવા ચંદ્રમુખીને નકાબ લઈ આવો

એમનાથી જ તો આબાદ છે દિલની દુનિયા
એક બે દર્દ તો શું, બેહિસાબ લઈ આવો

શાયરોએ તો કહી છે ઘણીયે વાતો 'મહેક'
વાત ગઝલોમાં કોઈ લા-જવાબ લઈ આવો

## અજવાળું

કેમ ભટકી રહ્યું છે અજવાળું?
રાહ ભૂલી ગયું છે અજવાળુ?

રોશની એટલી વધી ગઇ કે-
આંધળું થઇ ગયું છે અજવાળું

દૂર કરવા જતાં તિમિરને જુઓ
ખુદ આ ઝાંખું થયું છે અજવાળું

થરથરી રહ્યું છે ને કાંપે છે
જાણે કે બ્હી ગયું છે અજવાળું

શોધવા નીકળી પડયા છે લોક
કયાંક ખોવાઇ ગ્યું છે અજવાળું

જ્યાંથી આવ્યું'તું ત્યાંજ પાછું હવે
આખરે જઇ રહ્યું છે અજવાળું

જ્યોત અંતરની ઝળહળે છે 'મહેક'
દૂર છોને થયું છે અજવાળું

## સમંદર સાદ પાડે છે

વિખૂટા બિન્દુને સિન્ધુ નિરંતર સાદ પાડે છે
સરિતા કયાંક અટવાઇ, સમંદર સાદ પાડે છે

મને ખેંચી રહ્યું મઝધારમાં કોઇ ફરી આજે
તમે ના હાથ ઝાલો કે સમંદર સાદ પાડે છે

મને સૂરજમુખી થઇને રવિનું તેજ ઝીલવા દો
ગહન અંધારમાં ડૂબેલ અંતર સાદ પાડે છે

'ધરા પડતી મૂકીને આભને આંબી જવું તારે'
ધરાની ધૂળ ચોગરદમ નિરંતર સાદ પાડે છે

હૃદયમાં હામ ભરવા દો, હલેસાં હાથ ધરવા દો
ભલે તોફાન છે પણ દૂર બંદર સાદ પાડે છે

હવે તો મોત આવે કે મળે મંઝિલ 'મહેક' કિન્તુ
નહીં બેસાય નિરાંતે, મુકદ્દર સાદ પાડે છે

## ડંખ્યા કરે છે રાતદિન

હું રહું ખામોશ, એ બોલ્યા કરે છે રાતદિન
કોણ ઘરમાં નિત મને ટોકયા કરે છે રાતદિન

એક જૂનો આયનો, થાકી ગયો નિરખી મને
મારું પ્રતિબિંબ મને ડંખ્યા કરે છે રાતદિન

પાંખ ફફડાવી રહે છે ઊડતાં કૅલેન્ડર
આંખ તારીખો મહીં ફર્યા કરે છે રાતદિન

ભીંત પર ટાંગ્યું છે જે ઘડિયાળ, તે ટક ટક કરી
શૂન્ય ઘડીઓને જ બસ ગણ્યા કરે છે રાતદિન

આજતક ભૂતકાળના ઊંડાણમાં આ મારું મન
એક વીતેલી ઘડી શોધ્યા કરે છે રાતદિન

દિલની ભઠ્ઠી નિત ‘મહેક’ જલતી રહે છે ગમ થકી
ને મહીંથી ઊની રાખ ઊડયા કરે છે રાતદિન

## ચૂમે કબર આપની

યાદ તો દિલ મહીં થઇ અમર આપની
રોજ પૂછે મને એ ખબર આપની

લાખ યત્નો કરી કાળ થાકી ગયો
તોય ભૂંસી શકયો ના અસર આપની

જીવતાં ના કરી કંઇ કદર એમણે
ને હવે રોજ ચૂમે કબર આપની

આશ, ઉન્માદ, સપનો અને ઇન્તેજાર
જ્યારથી મુજ ઉપર થઇ નજર આપની

પથ્થરો પીગળી મીણ થઇને વહ્યા
જોઇને આજ તો આંખ તર આપની

ખુદ 'મહેક'ને 'મહેક'ની ખબર તો નથી
ને છતાંયે રહી છે ખબર આપની

## ચમનની બેચેની

વિરહની કોઈને, અમને મિલનની બેચેની
મરણની વાત શી, ભરખે જીવનની બેચેની

કદી ગમન, તો કદી આગમનની બેચેની
અમારે હોય છે હંમેશ મનની બેચેની

નથી સમાતું નજરમાં પછી કશું તેથી
તને નિહાળી વધે છે નયનની બેચેની

ખરે છે એક પછી એક તારલા નભથી
બીજું કશું નથી એ છે ગગનની બેચેની

હજીય બાકી છે મારી ઉદાસ આંખોમાં
યુવાન દિલનાં અધૂરાં સપનની બેચેની

તું મારા દિલને સમજ, દિલની વેદનાને સમજ
સમજવી હોય જો મારા કવનની બેચેની

નથી 'મહેક' તું બેચેન એકલો અહીંયાં
છે વાસ્તવમાં એ આખા ચમનની બેચેની

## પરદેશમાં

આજપણ કયાં આપણું લાગે છે મન પરદેશમાં
યાદ આવી જાય છે જ્યારે વતન પરદેશમાં

આંખથી ખસતાં નથી આજે ય તે હસતાં વદન
સાંભરે છે સ્નેહીઓ, મિત્રો, સ્વજન પરદેશમાં

કઇ રીતે હું એમ સમજું કે આ ઘર મારું જ છે
દિલ ન લાગે છે, ન માને છે આ મન પરદેશમાં

પ્રેમથી માથે ચઢાવી લઈ હું એને આજપણ
જો મળે ચપટી મને ખાકે-વતન પરદેશમાં

એક મુસાફર છું, અહીં આવ્યો છું હું મહેમાન થઇ
છે ફકત બે ચાર દિન મારું જીવન પરદેશમાં

તો પછી મૂકજો વતનની ધૂળ મારી કબ્રમાં
જો કદી થાવું પડે અહીંયાં દફન પરદેશમાં

વ્યર્થ છે હે દિલ અહીં કરવી પ્રણયની ઝંખના
સ્નેહનાં ખીલતાં નથી અહીંયાં સુમન પરદેશમાં

ના કદી મળશે 'મહેક' દિલને અહીં સબ્રોસુકૂન
છે અહીં બેચેન ધરતી ને ગગન પરદેશમાં

## હજી પણ યાદ છે

ગામની ગલીઓ ને ગોચર તો હજી પણ યાદ છે
સાંકડી શેરી ને પાદર તો હજી પણ યાદ છે

સીમનાં હરિયાળાં ખેતર તો હજી પણ યાદ છે
લીલીછમ વાડીનાં ગાજર તો હજી પણ યાદ છે

યાદ છે પોપટ, કબૂતર, કાગડો, ચકલી મને
બારીએ કલબલતી કાબર તો હજી પણ યાદ છે

મોટી મસ્જિદના મિનારા પર ચઢી પોકારતા
બાંગીની 'અલ્લાહો અકબર' તો હજી પણ યાદ છે

યાદ છે મુરશિદ, મુજાવર, પીર, મુલ્લાં ને ફકીર
ધર્મશાળાના મુસાફર તો હજી પણ યાદ છે

ઘંટનાદો, મૂર્તિઓ, મંદિરના ઈશ્વર યાદ છે
સાધુ સંતો, શિવ, શંકર તો હજી પણ યાદ છે

આંબલી, વડ, પીપળો, વાડીનો પેલો લીમડો
ચોદિશે ઊભાં તરુવર તો હજી પણ યાદ છે

યાદ છે વૈશાખના બપ્પોરનો તડકો અને
મીઠી ચોમાસાની ઝરમર તો હજી પણ યાદ છે

## વિચારો નવા નવા

મળતા રહે છે દિલને તો દાગો નવા નવા
જલતા રહે છે એમ ચિરાગો નવા નવા

ઈન્કાર તેં કર્યો ને મેં જોયું તો દિલ મહીં
અરમાનના ઊભા'તા મઝારો નવા નવા

છે કેટલી અસ્થિર આ દુનિયા દિમાગની
કરતી રહે છે રોજ વિચારો નવા નવા

ઉમ્મીદ જેમનાથી છે દિલને કરારની
તે તો કરે છે રોજ કરારો નવા નવા

માંગ્યું નથી કશું યે આ દુનિયાથી મેં છતાં
દર્દો જખમ મળ્યા છે હજારો નવા નવા

યત્નો કરે છે લોક 'મહેક' ચાંદ પર જવા
કરતો રહેજે તું યે કંઈ યત્નો નવા નવા

## નિભાવું છું દોસ્તો

દરિયામાં દિલના ગમને વહાવું છું દોસ્તો
ખારાશ સમંદરની વધારું છું દોસ્તો

સૂના પડી ગયેલ એ દિલના મકાનને
યાદો થકી કોઈની વસાવું છું દોસ્તો

દીવાનગી કહો કે પછી મૂર્ખતા કહો
નિજ ઘર મહીં જ આગ લગાવું છું દોસ્તો

જખ્મો નવીન કૈંક સહે નિત્ય મારું દિલ
હું મોતને એ રીતે સજાવું છું દોસ્તો

દિલ કેરા ખંડિયેરના અંધકારમાં સતત
અરમાનના ચિરાગ જલાવું છું દોસ્તો

દુનિયાના લોકની તો 'મહેક' વાત શી કરું
મારાં જ જેમ તેમ નિભાવું છું દોસ્તો

## આંસુ

આવી આવી વહી ગયાં આંસુ
દર્દ દિલનું કહી ગયાં આંસુ

આપની યાદ સળવળી દિલમાં
આંખમાં ઝળહળી ગયાં આંસુ

પારકાનું બની ગયું દિલ ને-
પારકાનાં બની ગયાં આંસુ

ના મળ્યો કોઈ એમને પાલવ
દિલમાં જઈને વસી ગયાં આંસુ

દઈ રહ્યાં છે એ મોતીઓની ચમક
ધૂળમાં જે મળી ગયાં આંસુ

રોશની છે એ રાહની મારા
પાંપણે જે ઠરી ગયાં આંસુ

આગ દિલની બુઝાવવા માટે
સિર્ફ બાકી રહી ગયાં આંસુ

હર્ષનાં છે કે શોકનાં એ 'મહેક'
આંખથી જે સરી ગયાં આંસુ

## સ્પર્શ

શ્રદ્ધાના દીપ દિલમાં ધરી જાય છે સ્પર્શ
અંતરમાં ચેતનાયે ભરી જાય છે સ્પર્શ

તાસીર એમાં હોય જો પારસમણિની તો
પથ્થર હૃદયને મીણ કરી જાય છે સ્પર્શ

બીજા તો થાય છે અને ભૂલી જવાય છે
અસ્તિત્વમાં તમારો રહી જાય છે સ્પર્શ

હું પીગળીને મીણ બની જાઉં છું ત્યારે
કયારેક આપનો જો વધી જાય છે સ્પર્શ

જંપી ઘડીક જાય છે વ્યાકુળ આ મારું દિલ
આવીને તારી યાદ કરી જાય છે સ્પર્શ

શબ્દો નહીં, ઝરે છે પછી ફૂલ હોઠથી
હોઠોને જ્યારે હોઠ કરી જાય છે સ્પર્શ

ભાષા કદી કહી નથી શકતી 'મહેક' એ
શબ્દો વિના જે વાત કહી જાય છે સ્પર્શ

## બરફ

રસ્તાની ભીની ધૂળ કહેવાય છે બરફ
કાદવ બની પગો તળે કચડાય છે બરફ

રોકી, ન કોઇ ટોકી શકે એને એટલે
જઇને પહાડ ટોચે વસી જાય છે બરફ

જાણે હરેક છાપરે ઊગે છે એક ચાંદ
કંઇ એમ ચાંદનીમાં ઝગી જાય છે બરફ

ચાદર સફેદ કોણે બિછાવી છે ચોતરફ
કોનું છે આગમન કે આ હરખાય છે બરફ

આ આંખ પી ગઇ છે ફરિશ્તાનું રૂપ શું?
જ્યાં પણ નજર ઊઠાવું છું, દેખાય છે બરફ

ઝરમર કોઇ વરસાદમાં ભીંજાયને આખર
પાણી છે, પાણી થઇને વહી જાય છે બરફ

સૂરજના તાપથી યે નહીં ઓગળે ‘મહેક’
દિલમાં જે એની યાદનો પથરાય છે બરફ

## મનગમતાં વાદળ

ઝરમર મેઘ વરસતાં વાદળ
ઘન ઘન ઘન્‌ન્‌ ગરજતાં વાદળ

ધોળાં વાદળ, કાળાં વાદળ
હસતાં, આહો ભરતાં વાદળ

સૂરજ, ચાંદ, સિતારા સાથે
હરતાં, ફરતાં, રમતાં વાદળ

કાજલ-શી અંધારી રાતે
ભૂલી માર્ગ ભટકતાં વાદળ

નાના કો' બાળકની પેઠે
પા પા પગલી ભરતાં વાદળ

ઘેલાં છે, બહુરૂપી છે એ
નિત આકાર બદલતાં વાદળ

વસ્તીને પડતી મૂકીને
રણમાં વરસી પડતાં વાદળ

એક તરફ છે તોબા મારી
એક તરફ મનગમતાં વાદળ

દિલના અવકાશે ગમનાં કંઈ
કાળાં ભમ્મર ભમતાં વાદળ

વરસી જાય 'મહેક' તો સારું
આંખોમાં વિસ્તરતાં વાદળ

## સીમને ખેતરે

ગામની એક છોરી મળી'તી મને, સીમને ખેતરે
મસ્ત એની યુવાની ગમી'તી મને, સીમને ખેતરે

'એય બાબુ! જરા ઊંચકી આપને ગાંસડી ઘાસની'
વેણ એનાં મને આજ પણ સાંભરે, સીમને ખેતરે

'બે ઘડી આપણે વૃક્ષના છાંયડે વાત કરીએ અલી'
'કોદિ' મળજે ફરી, સાંજ થઇ ગઇ મને, સીમને ખેતરે'

શ્યામ ધરતી ઉપર કયાંક સંતાઇ ગઇ મારું મન મોહીને
શ્યામળો દેહ એનો ન શોધ્યો જડે, સીમને ખેતરે

ખેતરે ખેતરે, સીમમાં ચોતરફ સાદ પાડું બધે
સાદ મારો સુણી પક્ષીઓ કલબલે, સીમને ખેતરે

આંખ પ્યાસી અને ઝંખતું દિલ સદા એના દીદારને
શોધમાં એની મનડું આ મારું ભમે, સીમને ખેતરે

ઝાડના ઝૂંડમાં, જીંડવે છોડના, પાંદડે વેલના
એ જ દીસે મને આંખ જ્યાં જ્યાં ઠરે, સીમને ખેતરે

## આંખ જોતી રહી

આજ તો આગમન દિલરૂબાનું થયું, આંખ જોતી રહી
મુજ સપન આંખ સામે જ આવી ગયું, આંખ જોતી રહી

પ્રેમ-પત્રે વિશેષણ જે વહાલું હતું એમને ને મને
તે ય તો જીભે આવીને અટકી ગયું, આંખ જોતી રહી

શબ્દ પાંખો કરીને બધાયે દગો દઈને ઊડી ગયા
મૌન યુગોનું પલમાં જ વ્યાપી ગયું, આંખ જોતી રહી

મેં મનોમન કરી'તી જે વાતો બધી તે રહી દિલ મહીં
ને મિલન મૌન-મઝધારે ડૂબી ગયું, આંખ જોતી રહી

નિત હવા તો અડપલાં કરી પ્રેમને કંઈક કહેતી રહી
તોય હૈયાનું હોઠે ન આવી શક્યું, આંખ જોતી રહી

પ્રેમ મૂંગો બનીને મૂંઝાતો રહ્યો, ગૂંગળાતો રહ્યો
આંખમાં જલ ભરી કોઈ ચાલી ગયું, આંખ જોતી રહી

## કાગડો

કા...કા કરી ઝરૂખે ઊડી જાય કાગડો
એક સ્વપ્ન-સૃષ્ટિ ઊભી કરી જાય કાગડો

એ આવશે, મુજ ઘરની તો રોનક વધી જશે
એક હર્ષ રોમ રોમ ભરી જાય કાગડો

એક એક ઘડી વીતે નહીં એ ઇન્તેજારમાં
ખુદ કાળને યે કેદ કરી જાય કાગડો

બેસું, તો છાપરે ચડી હરખાય છે નફ્ફટ
ઊઠું, તો દૂર દૂર ઊડી જાય કાગડો

આવે બીજાં બધાંયે મગર તે ન આવતાં
જેની ઠગારી આશ આ દઇ જાય કાગડો

સુખચેન મનનાં લૂંટી અદેખો એ શ્યામળો
નિજ રંગમાં મુજને ય રંગી જાય કાગડો

બીજી સવારે આવી ઝરૂખે એ બોલતો
ભોળું છે દિલ એ વાત કળી જાય કાગડો

જૂઠો છે, જૂઠ બોલી મને છેતરે છતાં
ક્યારેક તો એ સત્ય વદી જાય કાગડો

## રવિવાર

થન થન કરીને નાચતો આવે છે રવિવાર
આનંદ, મુક્તિ, તાજગી લાવે છે રવિવાર

કંઇ કેટલાં વિખૂટાં મિલાવે છે રવિવાર
ભૂલી બધુંયે ઈદ મનાવે છે રવિવાર

ઓળંગી દીવાલો કોઇ કેદીની પેઠ એ
સાંજે ઘરોથી નીકળી નાસે છે રવિવાર

ઊભરાય છે સડકો ને સિનેમાઘરો બધે
હર હર જગાએ શ્‌હેરમાં મ્‌હાલે છે રવિવાર

ઊતરે છે જાણે આભથી પરીઓનાં ઝુંડ ઝુંડ
ખુશબોમાં તરબતર થઇ નાચે છે રવિવાર

થઇને અપંગ ખાલી ઘરોમાં પુરાયલો
ખાંસે ઘડી ઘડી અને હાંફે છે રવિવાર

ઘસડાય છે નિજ ધામ પ્રતિ અંધકારમાં
થઇ લોથપોથ નીંદમાં પોઢે છે રવિવાર

મુડદાં બધાંયે જીવતાં થઇ જાય છે ‘મહેક’
સંજીવની અજબની લઇ આવે છે રવિવાર

## હોઠ પર મારા સુરા આવી

ભલેને રણ વિશાળે દોડતાં થાકી જવા આવી
હતી જો પ્યાસ તો એ ઝાંઝવાને શોધવા આવી

ગમે તેવી હતી પણ આખરે પૂરી થવા આવી
જવાની એ હતી, આ જિન્દગી અન્તે જવા આવી

ન રડશો સ્નેહીઓ મારા, હું હસતો જઇ રહ્યો છું કે
જીવન છે ઝેર ને આ મોત તો એની દવા આવી

ઘડીભર શાંત મારી ઉર-અગન થઇ’તી અરે ત્યાંતો
બની દુશ્મન આ તારી યાદની કયાંથી હવા આવી

છવાયાં વેદનાનાં વાદળો આકાશ પર દિલના
ઘટા ઘનઘોર થઇ તો હોઠ પર મારા સુરા આવી

હું જાગું છું, હજારો દર્દ મારી સાથ જાગે છે
ભલે આ શ્હેરની વસતી બધી ઊંઘી જવા આવી

ન સે’વાયું, ન રે’વાયું, ન કે’વાયું ‘મહેક’ જ્યારે
બનીને આંખમાં આંસુ હૃદયની વેદના આવી

## સાંજ પણ વીતી જવા આવી

હતી ધીરજ અને તે પણ હવે ખૂટી જવા આવી
હતી શ્રદ્ધા અને તે પણ હવે ઊઠી જવા આવી

સનમ! સમજી શકયો ના મર્મ તારી ચેષ્ટાનો હું
ઉકેલો શોધતાં બુદ્ધિ હવે હારી જવા આવી

અગર રાજી રહે તું તો નથી પરવા મને એની
ભલે મારાથી આ દુનિયા બધી રૂઠી જવા આવી

હતી મઝધારમાં તો ડૂબવાની ના હતી ચિન્તા
કિનારે નાવ આવી તો થયું, ડૂબી જવા આવી

જવાનું દૂર છે, ચાલો, જરા જલ્દી ભરો ડગલાં
સવારી સૂર્યની ક્ષિતિજ સુધી પહોંચી જવા આવી

પછી નાદાન કયારે જાતને તારી તું ઓળખશે
'મહેક' આ જિંદગીની સાંજ પણ વીતી જવા આવી

## ભૂંસી નાંખો

દરવાજાઓ
ખોલી નાંખો
પરદાઓને
ચીરી નાંખો
દીવાલોને
તોડી નાંખો
પાયામાંથી
ખોદી નાંખો
ભેદ હ્રદયનો
ખોલી નાંખો
હોય જે દિલમાં
બોલી નાંખો
યાદનાં પત્તાં
ફાડી નાંખો
પ્રેમ-વિશેષણ
બાળી નાંખો
પ્રીતનાં પીછાં
પીંખી નાંખો
નામ તમારું
ભૂંસી નાંખો

## વળ ખાય આંખોમાં

પ્રથમ તો પ્રેમના મોઘમ ઈશારા થાય આંખોમાં
પછી ઊર્મિઓ દિલની આવીને વળ ખાય આંખોમાં

ખુદા જાણે કે એમાં આંધીઓ સર્જાય છે કેવી
હજારો દિલની કિશ્તીઓ તો ડૂબી જાય આંખોમાં

તમે મુખથી કહો કે ના કહો સમજી હું જાઉં છું
તમારા દિલની છાની વાત તો વંચાય આંખોમાં

બધે ભટકીને થાકી જાય છે પ્યાસું હરણ મનનું
બિચારું આવીને અંતે વિસામો ખાય આંખોમાં

ઉઘાડું તો એ પ્યાલીઓ મહીં ઘૂંટાય છે રંગો
કરું છું બંધ તો ચિત્રો બધાં દોરાય આંખોમાં

ઘણો નાચ્યો છે એમાં આજતક ઉન્માદ યૌવનનો
હવે તો થાક જીવનનો 'મહેક' વરતાય આંખોમાં

## કફન મહેકે છે

તમારી ઝુલ્ફને અડકી પવન મહેકે છે
તમારા શ્વાસથી ચૌદે ભુવન મહેકે છે

વિચારે આપના મહેકી ઊઠે છે મારું મન
વસંતે જે રીતે આખું ચમન મહેકે છે

તમારી યાદની ખુશબોમાં તરબતર થઈને
છે સૂનું સૂનું છતાં ઉર-સદન મહેકે છે

ભરી છે એમાં વફાદારીની સુગંધીઓ
પ્રણયમાં એટલે મારું વચન મહેકે છે

સુવાસ આવે છે જીવનની નેકીઓમાંથી
દફનની વેળાએ જ્યારે કફન મહેકે છે

'મહેક' મસ્ત છે, કહેતો રહે છે શેરો'સુખન
ગમે ત્યાં હોય છે તોયે સુમન મહેકે છે

## ઝૂમવાની ઋતુ આવી

સિયાહ ઝુલ્ફને વિસ્તારવાની ઋતુ આવી
ઉઠાવો જામ હવે ઝૂમવાની ઋતુ આવી

દીવાલો મૌનની તોડીને કંઇક તો બોલો
હલાવો હોઠ હવે બોલવાની ઋતુ આવી

હઠી ગયા છે જમાનાના ક્રૂર પહેરાઓ
ચૂમી લો આજ વદન ચૂમવાની ઋતુ આવી

નિરાશ થઇને અહીંથી નથી જતું કોઇ
ગમે તે માંગ, હે દિલ, માંગવાની ઋતુ આવી

કબૂલ હો તો મને દિલ લઇને દર્દ આપો
કંઇક લઇને કંઇક આપવાની ઋતુ આવી

દિશાઓ ઝળહળી ઊઠી, શમી ગયું તોફાન
નદીમાં નાવને હંકારવાની ઋતુ આવી

નજરની સામેથી ધુમ્મસ ખસી ગયું છે 'મહેક'
કદમ ઉપાડો, હવે ચાલવાની ઋતુ આવી

## જિંદગી પૂછતી રે' સદા

કોઈની યાદનો જો સહારો મળે
જિંદગી મસ્ત થઈ ઝૂમતી રે' સદા
ગુમ થઈ જાઉં હું, ચોતરફ સાદ દઈ
મારી મંઝિલ મને ઢૂંઢતી રે' સદા

નાવની ચોતરફ હોય મઝધાર પણ
સાથમાં હોય યૌવનનો ઉન્માદ તો
ખુદ પરેશાન થઈ આફતો યે બધી
નાખુદાના ચરણ ચૂમતી રે' સદા

નીડની હૂંફમાં, બંધ આંખો કરી
ધ્યાન-બેધ્યાન થઈ બેસતાં પંખીડાં
ચેતજો! પલપલે ગુલશને નિત નવી
કંઈક ચિનગારીઓ ઊડતી રે' સદા

જોઈ અંજામ ફૂલો તણો બાગમાં
થરથરી ડાળ પર, ચૂપ થઈ ગઈ કળી
ભૃંગ આવી અડપલું કરી જાય ના
પર્ણની ઓથમાં છૂપતી રે' સદા

શુષ્ક છે જામ આજે જીવનનો 'મહેક'
દિલ મહીં કોઈની યાદ બાકી નથી
મય નથી, કોઈ સાકી નથી આજતો
શું થશે, જિંદગી પૂછતી રે' સદા

# હાઈકુ

(અહીં ઈંગ્લૅન્ડમાં શિયાળામાં બરફવર્ષા થતી હોય ત્યારે અને બરફવર્ષા પછી આજુબાજુ સર્જાતાં દશ્યોનો ચિતાર આપતું હાઈકુ ગુચ્છ)

૧. **બરફ-કાંકરીઓ**

નાચે પરીઓ
આભમાં, ઘૂઘરીઓ
નીચે વેરાય!

૨. **બરફ-ફોરાં**

ધરા તો મૃત્યુ
પામી: ગગન ઢાંકે
શ્વેત કફન!

૩. **સવાર**

બરફ ઓઢી
સૂના રસ્તા ઉપર
સવાર સૂતી!

૪. **સફેદ ઘાસ**

બીડમાં ઊગી
નીકળ્યું રાતોરાત
સફદ ઘાસ!

૫. **ધોળી ચાદર**

મેદાનો પર
કોણ ગયું બિછાવી
ધોળી ચાદર!

૬. **નવા ગાલીચા**

લો, પ્રકૃતિએ
ઘરમાં ગાલીચાનો
રંગ બદલ્યો!

૭. **અકસ્માત**

બરફ પર
ચાલતાં, તડકાનો
પગ લપસ્યો!

૮. **ચાંદની રાતે**

છાપરે સૂતો
સૂતો, બરફ પીએ છે
શ્વેત ચાંદની!

૯. **ધોળો કાદવ**

સ્લેજમાં બેસી
નાનાં બાળક ખૂંદે
ધોળો કાદવ!

૧૦. **યાદો**

બર્ફિલા દહાડે
તારી યાદોનો દિલે
બરફ જામે.



૧૯૮૮માં નોર્થ લંડન ખાતે યોજાયેલા મુશાયરામાં ડાબેથી
'કદમ' ટંકારવી, સૂફી મનુબરી અને 'પ્રેમી' દયાદરવી



નોર્થ લંડન ખાતે યોજાયેલા મુશાયરામાં હઝલ રજૂ કરતા સૂફી મનુબરી



નોર્થ લંડન મુશાયરાનું સંચાલન કરતા જનાબ દીપક બારડોલીકર



**નામ**
યાકૂબ મેન્ક

**ઉપનામ**
'મહેક' ટંકારવી

**જન્મ**
નવેમ્બર ૧૯૪૦

**જન્મસ્થળ**
ટંકારીઆ, તા.જિ. ભરૂચ

**બ્રિટનનિવાસ**
૧૯૬૬

**અભ્યાસ**
બી.એ. (ઓનર્સ)
સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ
એમ.એ. (અંગ્રેજી ભાષા-સાહિત્ય)
એમ.ટી.બી. કોલેજ, સુરત

**ગઝલસંગ્રહો**
પ્યાસ - ૧૯૭૨
તલાશ - ૧૯૮૦
પ્યાસથી પરબ સુધી - ૨૦૦૬
પ્રેમરસ પ્યાલો - ૨૦૧૩
તૃપ્તિ - ૨૦૨૦ (વૅબસાઇટ પર)

**લેખો**
વિચારોનું વાવેતર - ૨૦૨૦ (વૅબસાઇટ પર)

**સમ્પાદન**
સબરસ અને ઉપવન

## ગઝલ યાત્રાનો આરંભ

૧૯૬૬માં ભારત છોડી ઈંગ્લૅન્ડ આવ્યો ત્યારે ગઝલ સુંદરીને મારી સાથે લઈને આવ્યો હતો. ગામની શાળાઓમાં અભ્યાસ દરમિયાન પ્રથમથી જ બીજા બધા વિષયો કરતાં ભાષાઓ પ્રત્યે ઝાઝી અભિરુચિ હતી એટલે ગુજરાતી ઉપરાંત હિન્દી, અંગ્રેજી અને ઉર્દૂમાં લખાયેલી કવિતાઓ વાંચવાનું ગમતું. કોલેજ કાળ દરમિયાન વેકેશનમાં ગામમાં આવવાનું થાય ત્યારે અદમ ટંકારવી અને અન્ય સાહિત્ય રસિક મિત્રો સાથે ઊઠકબેઠક દરમિયાન તે સમયની નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ અને કવિતાઓની ચર્ચાઓ થતી. આ અરસામાં આદિલ મન્સૂરી જેવા 'રે મઠ'ના નવા કવિઓએ કવિતામાં ગઝલ સ્વરૂપને પણ ખાસું પ્રચલિત કરી આપ્યું હતું એટલે ગઝલ પ્રત્યે પણ આકર્ષણ વધ્યું.

અમદાવાદ સેંટ ઝેવિયર્સમાં હતો ત્યારે અંગ્રેજીમાં કાવ્યો લખતો. મારું એક પ્રકૃતિ કાવ્ય કોલેજના વાર્ષિક મૅગઝીનમાં પ્રગટ થયાનું યાદ છે. વળી ટૂંકી વાર્તાઓ પણ લખતો. મારી "હાલતું હાડપિંજર" નામની વાર્તા તે સમયના જાણીતા વાર્તા માસિક 'ચાંદની'માં પ્રગટ થઇ હતી. બારડોલી કોલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કામ કરતો તે દરમિયાન કોલેજમાં મિત્ર નરેશ ઉમરીગરનો સમ્પર્ક થયો જેને પણ અંગ્રેજીમાં કાવ્યો લખવાનો શોખ હતો. સાંજે સીમનાં હરિયાળાં ખેતરોમાં કે મીંઢોળા નદીને કિનારે અમે ફરવા નીકળીએ ત્યારે અંગ્રેજી સાહિત્યના વર્ડ્ઝવર્થ, શૅલી, બાયરન વગેરે Lake District કવિઓનાં પ્રકૃતિ કાવ્યોની ચર્ચા કરતા. અમે જે કાવ્યો લખતા તેની ઈસ્લાહ અમારા પ્રિન્સીપાલ અંગ્રેજીના પ્રખર વિદ્વાન કે. એલ. દેસાઇ સાહેબ કરતા.

અહીં ઈંગ્લૅન્ડ આવ્યા પછી શાળા જીવનના સહપાથી મારા જ ગામના 'કદમ' ટંકારવીની મુલાકાત થઇ. તે પણ પ્રથમથી જ સાહિત્યના ભારે શોખીન. એવામાં જર્મનીથી ગુજરાતી અને ઉર્દૂના જાણીતા શાયર શેખાદમ આબુવાલાનું આગમન થયું. તેમની હાજરીમાં 'કદમ'ની મેડીએ એક ગઝલ બેઠક યોજાઇ જેમાં દસેક હાજર કવિઓએ પોતાની ગઝલો સંભળાવી અને રસપૂર્વક મહેમાન કવિની ગઝલો સાંભળી. બેઠકને અંતે શેખાદમના સૂચનથી કવિઓ, લેખકોના એક મંડળ 'ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.'ની વિધિવત સ્થાપના કરવામાં આવી. પછી તો નિયમિત માસિક બેઠકો યોજાવાનું શરૂ થયું, મુશાયરાઓનો આરંભ થયો, ગઝલો લખાતી ગઇ. "પ્યાસ"માં અહીંયાં આવ્યો ત્યારે 'ઇન્સાન', 'ઇસ્માઈલી' જેવાં કેટલાંક માસિકોમાં પ્રસિદ્ધ થયેલી મારી ગઝલો સાથે લઇ આવ્યો હતો તેનો અને ત્યાર પછી અહીંયાં લખાયેલી ગઝલોનો સમાવેશ કરવામાં આવ્યો છે.